# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી તા. ૧૬-૦૭-૨૦૨૨

એ.આઈ.સી.સી.ગુજરાતના પ્રભારી આદરણીયશ્રી ડૉ. રઘુ શર્મા અને પ્રદેશ પ્રમુખ આદરણીય શ્રી જગદીશ ઠાકોર તથા વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા માનનીયશ્રી સુખરામ રાઠવાની ઉપસ્થિતિમાં આજરોજ એક અગત્યની બેઠક રાજીવ ગાંધી ભવન ખાતે યોજાઈ હતી. જેમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી અમિત ચાવડા, એ.આઈ.સી.સી. મંત્રી અને ગુજરાતના સંગઠન સહપ્રભારીશ્રી રામકિશન ઓઝા, શ્રી વિરેન્દ્રસિંઘ રાઠોડ, શ્રીમતિ ઉષા નાયડુ, એ.આઈ.સી.સી. સંગઠન ચૂંટણી અધિકારી શ્રીમતિ શોભા ઓઝા, શકીરજી, એ.આઈ.સી.સી. ના પૂર્વ મહામંત્રીશ્રી દિપકભાઈ બાબરીયા, સેવાદળના રાષ્ટ્રીય સંગઠકશ્રી લાલજીભાઈ દેસાઈ, વિપક્ષના પૂર્વ નેતાશ્રી નરેશભાઈ રાવલ, પૂર્વ કેન્દ્રીયમંત્રી ડૉ. તુષાર ચૌધરી, વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતાશ્રી શૈલેષભાઈ પરમાર, એ.આઈ.સી.સી. મંત્રી શ્રીમતિ સોનલબેન પટેલ, કાર્યકારી અધ્યક્ષ અને ધારાસભ્યશ્રી હિંમતસિંહ પટેલ, શ્રી લલીતભાઈ કગથરા, શ્રી જીગ્નેશભાઈ મેવાણી, શ્રી રૂત્વિકભાઈ મકવાણા, સાંસદશ્રી અમીબેન યાજ્ઞિક, મહિલા કોંગ્રેસ પ્રમુખ શ્રીમતિ જેનીબેન ઠુંમર, યુવક કોંગ્રેસ પ્રમુખશ્રી વિશ્વનાથસિંહ વાઘેલા, એન.એસ.યુ.આઈ. પ્રમુખશ્રી નરેન્દ્ર સોલંકી ઉપસ્થિત રહ્યાં હતાં.

રાજીવ ગાંધી ભવન ખાતે અગત્યની બેઠકમાં ગુજરાત કોંગ્રેસ સંગઠન પ્રભારી ડૉ. રઘુ શર્માજીએ જણાવ્યું હતું કે, પક્ષના સંગઠનની ચૂંટણી જુલાઈ મહિનાના અંતમાં પૂર્ણ કરવામાં આવશે. 9મી ઓગસ્ટે જિલ્લા મથકે 75 કિમી ની પદયાત્રા કરવામાં આવશે, ગુજરાતમાં ચૂંટણી હોવાથી ચારેય ઝોનમાં બાઈક રેલી યોજાશે, 20 તારીખ પહેલાં સંગઠનની ચૂંટણીની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે, લોકસભા મુજબ 37 નિરીક્ષક 19મીએ સાંજે આવશે, 20મીએ તમામ નિરીક્ષકો સાથે રાજસ્થાનના મુખ્યમંત્રી અને વરિષ્ઠ નેતાશ્રી અશોક ગેહલોતજી અને સંગઠન પ્રભારી ડૉ. રઘુ શર્માની ઉપસ્થિતીમાં બેઠક યોજાશે. 17મી તારીખે કોંગ્રેસના તમામ ધારાસભ્યોની બેઠક કરવામાં આવશે, 18મી તારીખે રાષ્ટ્રપતિની ચૂંટણીમાં મતદાન કરવામાં આવશે.

કેન્દ્રની ભાજપા સરકારની કિન્નાખોરીથી કોંગ્રેસ પક્ષના નેતાઓને જુદી જુદી સરકારી એજન્સીના માધ્યમથી હેરાન કરવાના પ્રયાસો થઈ રહ્યાં છે ત્યારે તારીખ ૨૧મી જુલાઈ,ગુરુવારના રોજ કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષા શ્રીમતિ સોનિયા ગાંધીને ઈ.ડી.ના સમન્સના મુદ્દે રાજ્યવ્યાપી કાર્યક્રમ કોંગ્રેસ પક્ષ દ્વારા આયોજીત કરાશે. તારીખ ૨૨મી જુલાઈ, શુક્રવારના રોજના જીલ્લા વ્યાપી કાર્યક્રમ યોજાશે. જેમાં ભાજપ સરકારની ગેરબંધારણીય અને કિન્નાખોરીના રાજકારણ સામે ધરણા પ્રદર્શન યોજાશે.

રાજીવ ગાંધી ભવન ખાતે અગત્યની બેઠકને સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારના ઈશારે એન્ફોર્સમેન્ટ ડીરેક્ટરોરેટ દ્વારા કોંગ્રેસ પ્રમુખ આદરણીય શ્રી સોનિયા ગાંધીને પાયા વિહોણા અને ખોટી રીતે ઉભા કરેલા નેશનલ હેરાલ્ડ કેસમાં સમન્સ પાઠવવામાં આવ્યા

છે. કોઈ પણ પુરાવા કે હકીકતોના આધાર વિના ઈડીનો વ્યક્તિગત, દ્રેષ અને રાજકીય કિન્નાખોરી માટે દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે. સત્ય માટેની આ લડાઈ માટે એકતા અને શાંતિપૂર્વક દેખાવોને કચડી નાખવા માટે કેન્દ્રનું શાસન હતાશાપૂર્વક, પાશવી બળનો ઉપયોગ કરી રહ્યું છે.ન્યાય માટેની લડત સાથે જોડાવા પોલીસ રાજના વિરોધમાં કાર્યક્મો આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. તારીખ ૨૧મી જુલાઈ,૨૦૨૨ ને ગુરુવાર રાજ્યસ્તરનો કાર્યક્મ અમદાવાદ ખાતે બપોરે ૧ કલાકે અને તારીખ ૨૨ જુલાઈ,૨૦૨૨ ને શુક્રવારના રોજ આપના જીલ્લામાં જીલ્લા મથકે આવેલી કેન્દ્ર સરકારની કચેરી સમક્ષ શાંતિપૂર્વક અને અહિસંક રીતે જંગી ધરણાંનો કાર્યક્મનું આયોજન કરવામાં આવશે. સોનિયા ગાંધીને 21મી તારીખે ઈડીમાં હાજર થવાનું છે, સમગ્ર રાજ્યમાં ઈડી વિરૂદ્ધ દેખાવો તેમજ આશ્ચર્યજનક કાર્યક્રમો કરવામાં આવશે.

રાજીવ ગાંધી ભવન ખાતે અગત્યની બેઠકમાં બુથ મેનેજમેન્ટ અંગે માહિતી આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, મારું બુથ મારું ગૌરવ અભિયાનમાં સોંપાયેલી કામગીરી અંગે માહિતી મેળવીને તેનું મૂલ્યાંકન કરવામાં આવ્યું, સાથોસાથ બુથ માટે જે જરૂરી માહિતી છે તે વિગતો સાથે એકત્ર કરવા માટે સમયમર્યાદા નક્કી કરવામાં આવી છે. 10 દિવસ બાદ બુથ અંગેની જવાબદારી સોંપવામાં આવશે અને જે સ્થાનિક કાર્યકર આગેવાનને બુથની જવાબદારી સોંપાઈ હશે તેને ટ્રેનીંગ સાથે સજ્જ કરાશે અને દરેક બુથના જવાબદારને વિશેષ ઓળખપત્ર કોંગ્રેસ પક્ષ આપશે.

રાજ્યમાં આગામી વિધાનસભા માટે કોંગ્રેસ પક્ષના ચૂંટણી ઢંઢેરા અંગે એ.આઈ.સી.સી.ના પૂર્વ મહામંત્રીશ્રી દિપકભાઈ બાબરીયાએ સમગ્ર પ્રક્રિયા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે, સમગ્ર રાજ્યમાં આગામી વિધાનસભા માટે કોંગ્રેસ પક્ષ રાજ્યના વિવિધ નાગરીક સંગઠનો, વિવિધ સમુદાયો અને તમામ વર્ગો સાથે વાર્તાલાપ કરીને વાસ્તવિક સમસ્યાને સમજીને તેના ઉકેલ માટે કોંગ્રેસ પક્ષનો અભિગમ હોવો જોઈએ તે તમામ બાબતોને ધ્યાને રાખી દરેક વિધાનસભામાં દસ બેઠકો એટલે કે સમગ્ર રાજ્યમાં ૧૫૦૦ જેટલી નાની-મોટી બેઠકો કરીને જનતા સંવાદ કરીને ચૂંટણી ઢંઢેરો તૈયાર કરશે. આ ચૂંટણી ઢંઢેરા પ્રજાલક્ષી અને વાસ્તવિક હશે. જેમાં તમામ સ્થાનિક આગેવાનો, ચૂંટાયેલા પ્રતિનિધિઓને જવાબદારી સુનિશ્ચિત કરવામાં આવી છે અને સપ્ટેમ્બર મહિનાના અંતમાં ચૂંટણી ઢંઢેરો જનતાના મુદ્દા સાથે પ્રસિધ્ધ કરવામાં આવશે.

કોંગ્રેસ પક્ષ દ્વારા કાશ્મિરથી કન્યાકુમારી સુધી ભારત જોડો યાત્રા શરૂ થવા જઈ રહી છે. જે અંગે પણ બેઠકમાં ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ગુજરાતમાં ચૂંટણીને ધ્યાનમાં રાખીને રાજ્યમાં વિવિધ સ્તરે જનસંપર્ક અભિયાન, પદયાત્રા, વિવિધ જીલ્લાઓમાં યાત્રાના પરિભ્રમણ કાર્યક્રમ અંગે એ.આઈ.સી.સી.ના મંત્રી અને સંગઠન સહપ્રભારીશ્રી રામકિશન ઓઝા, શ્રી વિરેન્દ્રસિંઘ રાઠોડ અને શ્રીમતિ ઉષા નાયડુએ વિવિધ જીલ્લાઓના પ્રમુખશ્રીઓ અને પદાધિકારીઓ સાથે બેઠક યોજીને સંપૂર્ણ ચર્ચા કરી કાર્યક્રમને સફળ બનાવવા માટે માર્ગદર્શન આપ્યું હતું.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા